# B.Ed. Basic (Sem. I) Examination

Oct. / Nov. : 2015

**અભ્યાસક્રમ-4 : અભ્યાસક્રમ અંતર્ગત ભાષા**

Code : 8863

Time : 2 Hours] [Total Marks : 50

**1. નીચે આપેલા પ્રશ્નોની નીચે આપેલા વિકલ્પો પૈકી સાચા વિકલ્પનો ક્રમ-અક્ષર લખો.** 12

(1.1) બાળકોના અશુદ્ધ ઉચ્ચારણમાં કયું પરિબળ જવાબદાર છે ?
(A) વાતાવરણજન્ય કારણો (B) અવૈજ્ઞાનિક કારણો
(C) વિભાષીકરણ (D) શિક્ષકની અધ્યાપન પદ્ધતિઓ

(1.2) ભાષાનો દ્વિમાર્ગીય વ્યવહાર કયા ભાષા સ્વરૂપથી શકય બને છે ?
(A) સ્પૃશ્ય (B) દશ્ય–શ્રાવ્ય (C) દશ્ય (D) શ્રાવ્ય

(1.3) શબ્દના પ્રારંભે 'ઈ' કારને સ્થાને 'એ' કારનું ઉચ્ચારણ કઈ બોલીમાં સાંભળવાનું મળે છે ?
(A) ચરોતરી (B) પટ્ટણી (C) સુરતી (D) સૌરાષ્ટ્રી

(1.4) નીચેનામાંથી કઈ બાબત લેખિત અભિવ્યકિતના વિકાસની પ્રવૃત્તિ છે ?
(A) સર્જનાત્મક સાહિત્યનું સર્જન કરવું (B) વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક માહોલ પૂરો પાડવો
(C) બૂલેટિન બોર્ડનું વ્યવસ્થાપન અને સંચાલન કરવું (D) આ ત્રણેમાંથી એક પણ નહિ

(1.5) ભાષા માટે નીચેનામાંથી કઈ બાબત અલગ પડે છે ?
(A) ભાષા એક વ્યવસ્થા છે. (B) ભાષા ધ્વનિ સંકેતોની વ્યવસ્થા છે.
(C) ભાષા વાચિક ધ્વનિઓની બનેલી છે. (D) ભાષા સંકેતોના અર્થ પ્રાકૃતિક છે પણ યાદચ્છિક નથી

(1.6) નીચેનામાંથી કયો શબ્દ ચરોતરી બોલીમાં સાંભળવામાં મળે છે ?
(A) સાયણી (B) હાવરણી (C) સોડવા (D) સટ્ટાણું

(1.7) 'સર વિલિયમ જોન્સે' કઈ ભાષાનો અભ્યાસ હાથ ધર્યો હતો ?
(A) સંસ્કૃત (B) ગોથિક (C) ગ્રીક (D) લેટિન

(1.8) ઈ.સ. પૂર્વે ૪૦૦માં સંસ્કૃત ભાષાનું વ્યાકરણ કોણે નિયમબદ્ધ કર્યું.
(A) પતંજલિ (B) પાણિનિ (C) વૈદિક ઋષિઓ (D) ત્રણેમાંથી એકપણ નહિ

(1.9) ભાષામાં વિદેશી શબ્દોનો ઉલ્લેખ કયા કારણે સાંભળવા મળે છે ?
(A) રાજકીય અને આર્થિક કારણે (B) વ્યાકરણગત અસરને કારણે
(C) પ્રાંતીય વ્યવહારના કારણે (D) ત્રણેમાંથી એકપણ નહિ

(1.10) મૌખિક અભિવ્યકિતનું શું મહત્ત્વ છે ?
(A) નાટકમાં ભાગ લેવો (B) મુશાયરામાં ભાગ લેવો
(C) શિક્ષકના વ્યવસાયમાં સફળ થવા માટે (D) વેપારી તરીકે નામના મેળવવા

(1.11) ભાષામાં રૂપ એટલે શું ?
(A) બે વર્ણોની સંધિ (B) અક્ષરોનો અર્થયુકત લઘુતમ સમૂહ
(C) એકાક્ષરીનો અર્થ (D) વ્યાકરણગત અર્થ

(1.12) ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ કઈ ભૂમિકામાંથી પરિવર્તન પામીને આવેલ છે ?
(A) સંસ્કૃત–પ્રાકૃત–અપભ્રંશ (B) પ્રાકૃત–અપભ્રંશ–સંસ્કૃત
(C) ગુજરાતી–પ્રાકૃત– સંસ્કૃત (D) સંસ્કૃત–પ્રાકૃત–ગુજરાતી



www.mkbuonline.com

www.mkbuonline.com

**2. નીચે 'A' માં આપેલી બાબતો સામે 'B'માંથી સાચા વિકલ્પનો ક્રમ-અક્ષર લખો.** **04**

| A | | B | |
|---|---|---|---|
| (2.1) | આદાન–પ્રદાનનું માધ્યમ | (A) | કથન અભિવ્યકિત |
| (2.2) | માતૃભાષા | (B) | અહેવાલ લેખન |
| (2.3) | લેખિત અભિવ્યકિત | (C) | માતૃભાષા |
| (2.4) | વકતૃત્વ કળાનો વિકાસ | (D) | આપણા વારસાને સંવર્ધિત કરવા |

**3. પહેલી બે બાબતો વચ્ચેના સંબંધના આધારે બાકીની બે બાબતો વચ્ચે સંબંધ પ્રસ્થાપિત થાય તેમ ખૂટતા પદનો ક્રમ-અક્ષર સાચો વિકલ્પ પસંદ કરીને લખો.** **04**

(3.1) 'શ્રી નરસિંહરાવ દિવેટિયાના મતે' ગુજરાતી ભાષાની પ્રથમ ભૂમિકા : અપભ્રંશ વિ.સ. ૧૧મી સદી સુધી:: જૂની ગુજરાતી : ........

(A) વિ.સં. ૧૬૫૦ થી ૧૭૦૦ સુધી (B) વિ.સં. ૧૭૫૦ થી ૧૮૦૦ સુધી
(C) ઈ.સ. ૧૦મી થી ૧૧મી સદી (D) વિ.સં. ૧૫૫૦ થી વિ.સં. ૧૬૫૦ સુધી

(3.2) પટ્ટણી બોલી : 'ક્'ને બદલે 'ચ'નું ઉચ્ચારણ સાંભળવા મળે છે :: સુરતી બોલી : .....

(A) 'સ'ને બદલે 'શ' કે 'હ'નું ઉચ્ચારણ (B) 'ળ' ને બદલે 'લ'નું ઉચ્ચારણ
(C) 'ય' શ્રુતિનો વ્યાપક ઉપયોગ (D) 'ચ'ને બદલે 'છ' કે 'સ્'નો ઉપયોગ

(3.3) શબ્દનો અર્થ ધરાવનાર રૂપ : અંગ :: વ્યાકરણગમ અર્થ ધરાવનાર રૂપ : .....

(A) પ્રત્યય (B) પરપ્રત્યય (C) રચના (D) ધ્વનિ

(3.4) સાહિત્ય માન્ય ભાષા : વિદ્યાપીઠોમાં અપાતા વ્યાખ્યાનો :: બોલચાલની માન્ય ભાષા : .....

(A) મધ્યમ વર્ગનું પ્રાંતીય ભાષા સ્વરૂપ (B) શિષ્ટ વર્ગના વાણી–વ્યવહારનું ભાષા સ્વરૂપ
(C) નીચલા મધ્યમવર્ગમાં ઉપયોગ બનતું ભાષા સ્વરૂપ (D) નીચલા વર્ગનું વાણી સ્વરૂપ

**4. નીચેના પૈકી કોઈપણ બેના, દરેકનો 200 શબ્દોમાં ઉત્તર લખો.** **10**

(4.1) ભાષા અને બોલી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
(4.2) કથન કૌશલ્ય એટલે શું ? તેને વિકસાવવાની પ્રવૃત્તિઓ લખો.
(4.3) માતૃભાષા પર અન્ય ભાષાઓની નકારાત્મક અને હકારાત્મક ચર્ચા લખો.

**5. નીચેના પૈકી કોઈપણ ત્રણના, દરેકનો 100 શબ્દોમાં ઉત્તર લખો.** **06**

(5.1) ભારતમાં પ્રાંતીય ભાષામાંથી તદ્ભવ–તત્સમ અને ઉછીના લીધેલા શબ્દોની સમજ આપો.
(5.2) ભાષા અને સંસ્કૃતિ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.
(5.3) ભાષા સંસ્કૃતમાંથી ગુજરાતીમાં કઈ રીતે પરિવર્તન પામી તે ઉદાહરણ આપી સમજાવો.
(5.4) બ્લૂમ ફિલ્ડના મતે કયા કયા સામાજિક સ્તરો અસ્તિત્વ ધરાવે છે ?
(5.5) અધ્યાપનકાર્ય માટે માતૃભાષા શિક્ષકને શી રીતે મદદરૂ થાય ?

**6. નીચેના પૈકી કોઈપણ એકનો,200શબ્દોમાં સમીક્ષાત્મક કે પૃથકકરણાત્મક ઉત્તર લખો.** **04**

(6.1) ભાષા વિકાસ માટે નિદાન અને ઉપચારાત્મક કાર્ય એટલે શું ?
(6.2) લેખિત અભિવ્યકિત એટલે શું ? તેનું મહત્ત્વ અને વિકાસની પ્રવૃત્તિઓ લખો.

**7. નીચેના પૈકી કોઈપણ એકનો 500 શબ્દોમાં ઉત્તર લખો.** **10**

(7.1) પ્રત્યાયન એટલે શું ? તે સમજાવી સામાજિક પરિપ્રેક્ષ્યમાં ભાષાભેદ સ્પષ્ટ કરો.
(7.2) પ્રાદેશિક બોલીના પ્રકાર જણાવી તેની લાક્ષણિકતાઓ સ્પષ્ટ કરો.



www.mkbuonline.com